| | |
|---|---|
| દાખલ તારીખ : | ૨૭/૦૧/૨૦૨૩ |
| નોંધ્યા તારીખ : | ૨૭/૦૧/૨૦૨૩ |
| **જાહેર કર્યાતારીખ :** | ૨૫/૦૩/૨૦૨૬ |
| સમયગાળો : | ૦૩વર્ષ–૦૧માસ–૨૬દિવસ |
| | |

---

**અંકલેશ્વરના મે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મું.અંકલેશ્વર.**

---

**ફોજદારી કેસ નંબર : ૨૯૬/૨૦૨૩**
આંક :–

**ફરીયાદી :–** શ્રી સરકાર...

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :–** **(૧) ઉકકડભાઈ મગનભાઈ વસાવા**
રહે.સકડફળીયુ, જુના બોરભાઠા ગામ. અંકલેશ્વર જી.ભરૂચ

**ગુનો :– પ્રોહિબીશન એકટની કલમ–૬૫ (એ,એ) ૮૧ મુજબ**

| |
|---|
| ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.એચ.કે.બ્રહમભટ |
| આરોપી તરફે વિ.વ.શ્રી.બી.એચ.સૈયદ |

**જજમેન્ટ**

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ ઉકકડભાઈ મગનભાઈ વસાવા ઉ.વ.૪૩ રહે. સડકફળીયુ,જુના બોરભાઠા ગામ, તા.અંકલેશ્વર નાઓએ આ કામના તહોમતદાર નં.(૨) એક અજાણ્યો પુરુષ ઈસમ આશરે ૪૦ વર્ષનો મધ્યમ બાંધાનો, ઘઉં વર્ણનો અને ઉંચો પુરુષ ઈસમ જેણે પોતાનુ નામ અમિત મોહિત રહે–સુરત મો.નં. ૯૯૦૯૯૯૯૮ પરનુ જણાવેલ હતુ તે આરોપી પાસેથી ગે.કા. અને વગર પાસપરમીટનો

પ્રતિબંધીત ભારતીય બનાવટનો રોયલસ સ્પેશીયલ પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ મી.લી.ની બોટલ નંગ–૨૪ મેન્યુફેકચરેડ બાય ખેમાની ડિસ્ટીલરી પ્રા.લી. રીંગણવાળા કાચી ગામ રોડ. દમણ જેનો બેચ નં.૦૦૨૦, તા.૧૦/૦૯/૨૦૨૨ની જે એક બોટલની કિંમત રૂપિયા ૧૦૦/– લેખે બોટલ નંગ–૨૪ ની કિંમત રૂ.૨૪૦૦/– નો મુદામાલ વેચાતો લઈ એકબીજાની મદદગારી કરી તહોમતદાર નં.(૧) ઉકકડભાઈ મગનભાઈ વસાવા ઉ.વ.૪૩ નાઓએ મોજે, સડકફળીયું, જુના બોરભાઠા ગામ, તા.અંકલેશ્વર ખાતે પોતાના રહેણાંક ઘરમાં વેચાણ કરવાના ઈરાદે રાખી તા.૧૪/૧૦/૨૦૨૨ ના કલાક ૧૯:૪૫ વાગ્યે પકડાઈ જઈ ગુનો કરેલ હોય પ્રોહી.એકટ કલમ–૬૫ (એ,એ) ૮૧ મુજબનો ગુનો કર્યો, તે મુજબનું તહોમતનામું અત્રેની  કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

**(૨)** ત્યારબાદ આરોપીઓને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપીઓ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીઓ સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવી અનુક્રમે આંક–૫ સુધી આરોપીઓનો જવાબ નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરૂધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**–: <u>મૌખિક પુરાવા:–</u>**

(૧) આંક–૬ થી ફરીયાદી અજયભાઈ રણછોડભાઈની જુબાની

(૨) આંક– ૮થી પંચ સાહેદ બહાદુરભાઈ નાથુ વસાવાની જુબાની

(૩) આંક–૧૦ થી પંચ સાહેદ કલ્પેશભાઈ કનૈયાલાલની જુબાની

**<u>–:દસ્તાવેજી પુરાવા:–</u>**

(૧) આંક–૭ થી ફરીયાદ

(૨) આંક–૦૯થી પંચનામુ

ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો નહી આપવા માંગતા હોવાનું જણાવતા, આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન ો નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સરકારપક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવી.

**<u>-: મુદ્દા :-</u>**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ ઉકકડભાઈ મગનભાઈ વસાવા ઉ.વ.૪૩ રહે. સડકફળીયુ,જુના બોરભાઠા ગામ, તા.અંકલેશ્વર નાઓએ આ કામના તહોમતદાર નં.(૨) એક અજાણ્યો પુરુષ ઈસમ આશરે ૪૦ વર્ષનો મધ્યમ બાંધાનો, ઘઉં વર્ણનો અને ઉંચો પુરુષ ઈસમ જેણે પોતાનુ નામ અમિત મોહિત રહે-સુરત. મો.નં. ૯૯૦૯૯૯૯૮ પરનું જણાવેલ હતુ તે આરોપી પાસેથી ગે.કા. અને વગર પાસપરમીટનો પ્રતિબંધીત ભારતીય બનાવટનો રોયલસ સ્પેશીયલ પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ મી.લી.ની બોટલ નંગ-૨૪ મેન્યુફેકચરેડ બાય ખેમાની ડિસ્ટીલરી પ્રા.લી. રીંગણવાળા કાચી ગામ રોડ. દમણ જેનો બેચ નં.૦૦૨૦, તા.૧૦/૦૯/૨૦૨૨ની જે એક બોટલની કિંમત રૂપિયા ૧૦૦/- લેખે બોટલ નંગ-૨૪ ની કિંમત રૂ.૨૪૦૦/- નો મુદામાલ વેચાતો લઈ એકબીજાની મદદગારી કરી તહોમતદાર નં.(૧) ઉકકડભાઈ મગનભાઈ વસાવા ઉ.વ.૪૩ નાઓએ મોજે, સડકફળીયું, જુના બોરભાઠા ગામ, તા.અંકલેશ્વર ખાતે પોતાના રહેણાંક ઘરમાં વેચાણ કરવાના ઈરાદે રાખી તા.૧૪/૧૦/૨૦૨૨ ના કલાક ૧૯/૪૫ વાગ્યે પકડાઈ જઈ ગુનો કરેલ હોય પ્રોહી.એકટ કલમ- ૬૫ (એ,એ) ૮૧ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યાર પછીના આપેલ છે.

૧.નકારમાં,
૨.આખરી હુકમ મુજબ

**કા ર ણો**

**(૫)** સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક-૬ થી ફરીયાદી

અજયભાઇ રણછોડભાઇ ભડીયાદરાને  તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તારીખ ૧૪/૧૦/૨૦૨૨ ના રોજ અમો તથા અહેકો ચંદ્રકાંતભાઇ શંકરભાઈ તથા અન્ય પો.સ્ટા.ના માણસો સાથે અંકલેશ્વર પો.સ્ટે. વિસ્તારમાં એલસીબી સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે અમારી સાથે બે પંચના માણસો નામે બહાદુરભાઈ નાથુ વસાવા અને કલ્પેશભાઈ કનૈયાલાલ વસાવા સાથે ખાનગી વાહનમા હતા ત્યારે બાતમીદારથી બાતમી મળેલ કે જુના બોરભાઠા બેટ ગામે સડક ફળીયામાં રહેતો ઉકકડ મગન વસાવા તેના ઘરે ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી ચોરી છુપીથી વેચાણ કરે છે જેથી સદર સરનામે પંચો સાથે  રેડ કરતાં એક ઈસમ મળી આવેલ જેણે પોતાનુ નામ ઉકકડ મગનભાઇ વસાવા જણાવેલ અને પંચોને સાથે રાખી તેના ઘરમાં ઝડતી તપાસ કરતાં એક પ્લાસ્ટીકની કોથળીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની રોયલ સ્પેશયલ પ્રિમીયમ વિસ્કી ૧૮૯ મીલીની બોટલ નંગ ૨૪ મળી આવેલ જે બાબતે તેની પાસ પરમીગ માંગતા તેની પાસે નહી હોવાનુ જણાવેલ તેમજ સદર મુદામાલ કયાંથી લાવેલ તે બાબતે પુછતાં સુરતનો અમીત મોહીતનાઓ આપી ગયેલ તેવી હકીકત જણાવેલ. જેથી સદર મુદામાલ પંચનામાની વિગતે કબજે કરી અમોએ સદર બંને ઈસમો વિરુદધ પ્રોહી. એકટની વિવિધ કલમો અન્વયે ફરીયાદ કરેલી. સદર ફરીયાદની ખરી નકલ મને કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખું છું. જેને રજુ દાખલ આંક–૭ આપવામાં આવે છે. સદર કામે આરોપી કોર્ટમાં હાજર છે તે જ છે તથા મુદામાલને જોઈએ ઓળખી શકુ બચાવપક્ષે ઓળખની તકરાર જતી કરેલ છે.

બચાવપક્ષે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો, એ વાત ખરી છે કે અમો પેટ્રોલીંગમાં ગયેલા તે બાબતની નોંઘ સ્ટેશન ડાયરીમાં કરેલ નહી. એ વાત ખરી છે કે અમે  કયા વાહનમાં પેટ્રોલીંગમાં ગયેલા તેનો ફરીયાદમાં કોઈ ઉલ્લેખ કરેલ નથી.  એ વાત ખરી છે કે અમો પેટ્રોલીંગ સરકારી વાહનમાં ગયેલા કે ખાનગી વાહનમાં ગયેલા તેનો ફરીયાદમાં કોઈ ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે આ કામનાં પંચો કાયમી પંચો છે. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં કોઈ વિગતવારનુ પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે મને ફરીયાદ કરવા

માટે વડી કચેરીમાંથી કોઈ આદેશ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ કરતા તેઓની હાજરીમાં કોઈ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી કે ફરીયાદ કરતા પહેલા તેઓએ મકાનની માલિકીના કોઈ પુરાવા મેળવેલ નથી કે ત.ક.અ.અધિકારીને આપેલ નથી. તપાસના કામે ત.ક.અ. અધિકારીએ વધારાનો કોઈ જવાબ લીધેલ નથી. એ વાત ખરી નથી કે આવી રીતની કામગીરીમાં ગયેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ સ્થળથી કોઈ આરોપી પકડાયેલ નથી. એ વાત ખરી નથી કે બીનવારસી હાલતમાં મુદામાલ મળી આવેલ છે. એ વાત ખરી નથી કે કોમ્પ્યુટરાઈઝ ફરીયાદ ઉપર ફકત મારી સહી કરેલી છે. એ વાત ખરી છે કે સદર કામની ફરીયાદ લેનાર મારા ઉપરી અધિકારી છે. એ વાત ખરી નથી કે મારા ઉપરી અધિકારીના કહેવાથી કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે સદર કામના ત.ક.અ. મારા સહ કર્મચારી હોય તેને હું મદદરૂપ થવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ

(૬) સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક–૮ થી પંચ સાહેદ પંચ બહાદુરભાઈ નાથુ વસાવા તથા આંક–૧૦ થી પંચ સાહેદ કલ્પેશભાઈ કનૈયાલાનેને તપાસેલ છે,જેઓને આંક–૯ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પંચ તરીકે તેમની સહી છે તે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૯ આપવામાં આવે છે.

બચાવપક્ષે સદર સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ જાત માહીતી નથી. જે પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. જે પંચનામાને આ કામે દાખલ આંક–૯ થી રજુ કરવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ તમામ પુરાવો સંયુકત રીતે વંચાણે લઈએ તો એ હકીકત ફલીત થઈ આવે છે કે, પંચસાહેદોએ અદાલત સમક્ષના પુરાવામાં આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવ્યાની હકીકતનો ઈન્કાર કરી પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી અને પોલીસ ે તૈયાર પંચનામામાં સહી લીધાનું જણાવેલ છે. પંચનામાની હકીકત બાબતે કઈ જાણતા નથી તેમ જણાવે છે અને ફરીયાદપક્ષ ઉલટ તપાસમાંથી મહત્વની કોઈ પંચનામુ પુરવાર થવા અંગેની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. ફરીયાદી, પોલીસ સાહેદ તથા ત.ક.અમલદારે અદાલત સમક્ષ

પોતાની જુબાની આપી ફરીયાદપક્ષને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાનું સમર્થન નથી.

આમ, પોલીસ સાહેદો તથા ત.ક.અમલદાર જે પોલીસના માણસ હોઈ સ્વાભાવિક રીતે જ પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે પરંતુ તેઓની જુબાનીને આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચસાહેદની જુબાનીને સમર્થન મળેલ નથી. આમ ફરીયાદપક્ષ આ કામે જુબાનીથી ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોય પોલીસ સાહેદો તથા ત.ક.અમલદાર કે જેઓ પોલીસના માણસો છે અને હીત ધરાવનાર સાહેદો છે તેઓની એકલાની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૮) હાલના કેસના ન્યાયીક નિર્ણયો સારૂ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપુર્ણ બની રહેશે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ધીરજલાલ ગાંડાભાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૧ (૧) જીએલઆર ૪૩૩ થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત કરેલ છે કે જો બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવો દારૂ મળી આવેલ તેવા ફરીયાદપક્ષના પુરાવાને સમર્થન આપતો ન હોય તેવા કિસ્સામાં પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ) અન્વયે દારૂના કબજા અંગેની ધારણા ઉત્પન્ન કરી શકાય નહીં.

(૯) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાં તોને ધ્યાને લઈ હાલના કેસની હકીકતોને ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદપક્ષની હકીકતોને સ્વતંત્ર પંચસાહેદો સમર્થન આપતા નથી. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનુ સેમ્પલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ સારૂ મોકલેલ તેનો કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી કે સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસોનો કોઈ જવાબ લીધેલ નથી. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે લેબલો લાગેલા

હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલા નથી. તેવા સં જોગોમાં આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહીં અને તે સંજોગોમાં આ કામના આરોપીઓના કબજામાં દારૂ જ હતો એવુ માની શકાય નહીં.

**(૧૦)** તેમજ સામાન્ય સંજોગોમાં પ્રોહીબીશન વિગેરે જેવા કેસમાં સૌ પ્રથમ રેઈડ કરવામાં આવે છે અને તે રેઈડ દરમ્યાન ગુનો થતો ફલીત થતુ હોય તો તે અંગેનુ પંચનામુ કરી લઈ તેના આધારે ફરીયાદ આપવામાં આવે છે. એટલે કે આવા કેસમાં પંચનામુ એ પાયાનો પુરાવો બને અને ફરીયાદપક્ષનો આધાર આ પંચનામા ઉપર રહે છે એટલેકે ફરીયાદપક્ષે પંચનામુ સાબિત કરવુ જોઈએ જો ફરીયાદપક્ષ પંચનામુ સાબિત કરવામાં નિષ્ફળ જાય તો પંચનામાના આધારે કરવામાં આવેલી ફરીયાદને પુરતુ સમર્થન મળી રહેતુ હોય તો પણ પંચનામા જેવો પુરાવો સાબિત ના થયો હોય તો તે ફરીયાદનુ કોઈ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી. હાથ પરના કેસમાં પણ પંચનામાના સાહેદો ફરી ગયેલ હોય ફરીયાદ કે ફરીયાદપક્ષના પોલીસ સાહેદના પુરાવાનુ પુરાવાકીય મુલ્ય ઉપસ્થિત થતુ નથી.

**(૧૧)** વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે **નાસીર સિકંદર શેખ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૦૫ ક્રિમીનલ લો જનરલ પાના નં.૨૬૧૧** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, તહોમતદાર સામે આક્ષેપાયેલ ગુનાની તમામ હકીકતનો ફરીયાદપક્ષે સબળ પુરાવાથી પુરવાર કરવાની રહે છે અને જો ફરીયાદપક્ષ કોઈપણ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તે ગુનામાં તહોમતદારને સજા થઈ શકે નહીં. જયારે હાલના કેસમાં પણ ફરીયાદપક્ષ તરફે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન તહોમતદાર વિરૂઘ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી તેવા સંજોગોમાં મુદ્દા નં–૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં–૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# હુકમ

૧. આ કામના આરોપીઓ (૧) **ઉકકડભાઈ મગનભાઈ વસાવા** રહે.સકડફળીયુ, જુના બોરભાઠા ગામ. અંકલેશ્વર જી.ભરૂચ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે પ્રોહી.એકટની કલમ ૬૫(એ,એ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીઓએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપી એ અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે ૬ માસની સમયમર્યાદા માટે આરોપીના જામીનખત તથા જતમુચરકા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ વિદેશી દારૂનો અપીલ સમય વીત્યેથી નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ બાકીના મુદામાલ અંગે અગાઉ જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ ગણવો અન્યથા અપીલ સમય વિત્યાબાદ નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ તારીખ ૨૫મી, માહે માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫/૦૩/૨૦૨૬
અંકલેશ્વર.

**(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર.
કોડ નં. GJ00664

(STENO: P.J.PANARA)